૧૭મી સપ્ટેમ્બર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે

સાબરકાંઠા જિલ્લામાં વિવિધ સ્થાનો પર સેવા અને સમર્પણના કાર્યક્રમો યોજાશે

બાયડ તા.૧૨

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૧ માં જન્મદિવસ નિમિત્તે સાબરકાંઠા જિલ્લામાં ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે જેના આયોજનના ભાગરૂપે આજરોજ હિંમતનગર ખાતે સાબરકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલના અધ્યક્ષ સ્થાને જિલ્લાના તમામ હોદેદારોની ઉપસ્થિતિમાં બેઠકનું આયોજન કરવામાં આવેલ જેમાં તા.૧૭મી સપ્ટેમ્બર થી ૭ ઓક્ટોમ્બર દરમિયાન વિવિધ કાર્યક્રમો અંગે ની માહિતી આપતા જે.ડી. પટેલે જણાવેલ કે, તા.૧૭મી એ નરેન્દ્ર ભાઈ ના જન્મદિવસે જિલ્લાના ૧૩૨૩ બુથ માંથી દરેક બુથ માં સો કાર્ડ લખવા, પ્રત્યેક બુથમાં ૭૧ નમો એપ ડાઉનલોડ કરાવવી, મહિલા મોરચા દ્વારા ફળફળાદી વિતરણ, દિવ્યાંગ સાધન સહાયતા, રાશન બેગ વિતરણ તેમજ તમામ મંદિરોમાં સાંજે રામ મંદિર ખાતે આરતીનો કાર્યક્રમ કરવો અન્ય મંદિરોમાં ભગવાન રામ નો ફોટો મૂકી આરતીનો કાર્યક્રમ કરવો, યુવા મોરચા દ્વારા સહકારી સંસ્થાઓના સહયોગથી રક્તદાન કેમ્પ કરવો આ દિવસ સિવાય ડોક્ટર સેલ દ્વારા મેડિકલ કેમ્પ-

રસીકરણ, વૃક્ષારોપણ દરેક મંડલમાં તેમજ ઈડર વિસ્તારમાં સહકારી માળખા દ્વારા પાંચ હજાર વૃક્ષો નુ રોપણ, ૨૫મી સપ્ટેમ્બર પંડિત દિનદયાલ ની જન્મ જયંતી નિમિત્તે પુષ્પાંજલિ તેમના જીવન ચરિત્ર વિશે માર્ગદર્શન, ૨જી ઓક્ટોબર ગાંધી જયંતી પ્રસંગે શહેરી મંડલ નગરપાલિકાના સહયોગથી સફાઈ તથા પ્લાસ્ટિક મુક્ત અભિયાન નો કાર્યક્રમ કરવો, ગ્રામ્ય વિસ્તારમાં જાહેર જગ્યા ઉપર કચરાનો નિકાલ કરવો, દુકાનમાંથી સામૂહિક રીતે ખાદી ખરીદવું વગેરે અનેક સેવાના કામો કરી પ્રજાલક્ષી ઉપયોગી કામ કરીશું, કેટલાક સ્થાનો ઉપર નરેન્દ્ર ભાઈ ના જીવન ઉપર સંવાદ કાર્યક્રમ થાય, સેમિનાર થાય, હિંમતનગર તાલુકાના લાલપુર ગામે આંખના દર્દીઓ માટે કેમ્પ પણ રાખેલ છે આમ તમામ કાર્યક્રમની રૂપરેખા આપવામાં આવી હતી. જિલ્લા સંગઠન પ્રભારી ભરતભાઈ આર્ય, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ કુ. કૌશલ્યા કુવરબા પરમાર, જિલ્લા સંગઠન પ્રભારી રેખાબેન ચૌધરીએ પણ સાબરકાંઠા જિલ્લામાં વિવિધ સ્થાનો પર નરેન્દ્રભાઈના જન્મદિવસે તેમજ ૭ ઓક્ટોબર દરમિયાન પ્લાનિંગ રીતે દરેક કાર્યકર્તા સાથે વિવિધ સમાજો ને જોડીને સેવાના કામો અસરકારક રીતે થાય તેમ જણાવેલ. નરેન્દ્રભાઈ સાબરકાંઠા જિલ્લામાંથી પ્રચારક થી માંડી વડાપ્રધાન સુધીના તેમના જીવન દરમ્યાન અનેક પરિવારો સાથે સીધા સંપર્કમાં રહી દેશના વિકાસમાં રાષ્ટ્રને ગૌરવ અપાવે તેવા નિર્ણયો સાથે આપણા અમિતભાઈ અને નરેન્દ્ર ભાઈ ની જોડી એ અનેક નિર્ણયો થકી છેવાડાના માનવીને ચિંતા કરી તેમણે અનેક લાભો અપાવ્યા છે. સરકાર અને સંગઠન એકબીજાને જોડતી કડીઓ છે તેના થકી થયેલા કાર્યો, નિર્ણયો પ્રજાને સરળતાથી મળી રહે છે તેમજ કેન્દ્ર સરકારની અનેક યોજનાઓ ની જાણકારી આપી એ તેમ જણાવેલ પ્રદેશ પ્રમુખ તેમજ પેજ કમિટીના પ્રણોતા સી.આર.પાટીલ સાહેબ પણ વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ ના જેમ એક પણ દિવસ રજા રાખ્યા વગર સતત સંગઠનનું કામ કરી રહ્યા છે તેની પણ જાણકારી આપીએ તેમ જણાવેલ. આ પ્રસંગે જિલ્લા ભાજપ મહામંત્રી વિજયભાઈ પંડ્યા એ જેની જેની જવાબદારી જે હોદેદારોને આપવામાં આવેલ છે તેની વિસ્તૃત માહિતી આપી જણાવેલ કે આપણને જે કાર્યક્રમોની માહિતી આપવામાં આવી છે તે તમામ કાર્યક્રમો અસરકારક રીતે કરીએ તેમાં જિલ્લાના બાકી તમામ કાર્યકર્તા ઓને જોડીએ સમાજના લોકોને સાથે રાખી સફળતાપૂર્વક શક્તિ કેન્દ્ર લેવલ વાતાવરણ ઊભુ કરી સેવાના કામ કરતા રહીએ. આભારવિધિ જિલ્લા મહામંત્રી મહેન્દ્રસિંહ રહેવરે કરી હતી.આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ ધીરુભાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત રાજ્ય મહિલા આયોગ સૂચિત મેઘરજ તાલુકા કક્ષાનું નારી સંમેલન મોડલ સ્કૂલ મેઘરજ ખાતે યોજાયું

મેઘરજ તા.૧૨

ગુજરાત રાજ્ય મહિલા આયોગ દ્વારા સમગ્ર રાજ્યમાં નારી સંમેલનનું આયોજન શરૂ કરવામાં આવેલ છે જેમાં મેઘરજ તાલુકા

નું નારી સંમેલન ભાવનાબેન લક્ષ્મણભાઈ ધમલાત પ્રમુખશ્રીતાલુકા પંચાયત મેઘરજ ના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યું જેમાં નારી અદાલત ના પ્રચાર અને પ્રસાર માટે મહિલાઓમાં નારી અદાલત ની સમજ તેમજ મહિલા સશક્તિકરણ અને મહિલા વિશે યોજનાની ગુજરાતી જાણકારી આપવામાં આવી. નારી અદાલત માંથી આવેલ મુક્તિ બેન જોશી દ્વારા મહિલાઓમાં જાગૃતિ આવે અને તેમના ઉપર થતા અત્યાચાર સામે રક્ષણ મેળવવા માટે નારી અદાલત નો સંપર્ક કરી માર્ગદર્શન મેળવી શકે તે માટે ખાસ કરી ને ગ્રામ્ય કક્ષાની બહેનોને આ બાબતે આંગણવાડી કાર્યકરો દ્વારા પ્રચાર-પ્રસાર કરવામાં આવે. જિલ્લા પંચાયત ઉપપ્રમુખ કનુભાઈ મનાત દ્વારા સરકાર તરફથી ચાલતી વિવિધ મહિલાઓ માટેની યોજનાઓ નો વિસ્તાર પૂર્વક સમજણ આપવામાં આવી અને સખી મંડળો દ્વારા મહિલાઓ પોતાની રીતે પગભર થાય તે માટે સક્રિય સખી મંડળો દ્વારા વિવિધ યોજનાઓનો લાભ મેળવવા માટે અપીલ કરવામાં આવી. નારી સંમેલન કાર્યક્રમમાં વિવિધ મહાનુભાવ માં રમીલાબેન પરમાર બાલ વિકાસ ચેરમેન અરવલ્લી, ભાવનાબેન ધમલાત પ્રમુખ

તાલુકા પંચાયત મેઘરજ, પ્રાંત અધિકારી મેઘરજ, મામલતદાર શ્રી તથા તાલુકા વિકાસ અધિકારીશ્રી હાજર રહેલ. સમગ્ર કાર્યક્રમની આભારવિધિ સી.ડી.પી. ઓ શ્રી ગીતાબેન પટેલ દ્વારા કરવામાં આવી

જન્મદિને વધામણી

અર્વ ભાવેશકુમાર પરમાર
સરસોલી, તા.બાયડ



મિર્થ પાર્થકુમાર શાહ
વાત્રક, તા.બાયડ

જીયાન્સી ધવલકુમાર પટેલ
મોટાવાસણા, તા.બાયડ

સ્વ.મનહરભાઈ એસ. પટેલ
(ગાયત્રી શક્તિપીઠ-બાયડ)
અરજણવાવ, તા.બાયડ

વિશાલભાઈ પ્રમોદભાઈ દરજી
(વાંટડા(બાયડ) પ્રા.શાળા)
(ગીરીરાજ કેમ્પસ)
બાયડ, જિ.અરવલ્લી

કોમન સર્વિસ સેન્ટર ગાંભોઈ ખાતે સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમ યોજાયો

ગાંભોઈ, તા.૧૨

ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ સ્કિલ ડેવલોપમેન્ટ એન્ડ એન્ટરપ્રિન્યોરશીપના મેનેજમેન્ટ ઓફ એન્ટરપ્રિન્યોરશીપ એન્ડ પ્રોફેશનલ સ્કીલ કાઉન્સિલ (MEPSC) દ્વારા સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ગાંભોઈ ગામના કોમન સર્વિસ સેન્ટર (CSC) મારફતે પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના હેઠળ રેકોગ્નેશન ઓફ પ્રીયર લર્નિંગ (RPL) પ્રોજેક્ટ અંતર્ગત ત્રીસ જેટલા વિદ્યાર્થીઓને ફિલ્ડ સર્વે એનુમિરેટર કોર્સની તાલીમ આપવામાં આવી હતી. જેમાં તાલીમ બાદ પાસ થયેલા વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ વિતરણ કરવાનો કાર્યક્રમ શનિવારના રોજ કોમન સર્વિસ સેન્ટર ગાંભોઈ ખાતે રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન ગાંભોઈ ગ્રામપંચાયતના સરપંચશ્રી બાલુસિંહ પરમાર, ડેપ્યુટી સરપંચશ્રી મુલચંદભાઈ પટેલ તેમજ કોમન સર્વિસ સેન્ટરના જિલ્લા કો-ઓર્ડીનેટરશ્રી ઉપેન્દ્રસિંહ ડાભી ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે તાલીમમાં પાસ થયેલ વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ વિતરણ કરવામાં આવ્યા હતા. જેમાં ૨૬ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ગાંભોઈ CSCના વી.એલ.ઈ.શ્રી વિક્રમસિંહ રાઠોડ તથા તેમના સ્ટાફ દ્વારા કરવામાં કરવામાં આવ્યું હતું.

ચિલોડા-શામળાજી નેશનલ હાઈવે-૮ રોડ ઉપર ઠેરઠેર મસમોટા ખાડાઓને લઈને કોંગ્રેસનો વિરોધ

નેશનલ હાઇવે આઠ ઉપર પડેલ ખાડાઓમાં વૃક્ષારોપણ કરવામા આવ્યુ : વૃક્ષારોપણ કરતા કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા સહિત કોંગ્રેસ કાર્યકરો આગેવાનની અટકાયત : ૧૨ જેટલા કોંગ્રેસ કાર્યકરોની પ્રાંતિજ પોલીસ દ્વારા અટકાયત કરી

પ્રાંતિજ તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના મજરા નેશનલ હાઈવે આઠ રોડ ઉપર પડેલ મસમોટા ખાડાઓમા પ્રાંતિજ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા વુક્ષા રોપણ કરતા પ્રાંતિજ પોલીસ દ્વારા કોંગ્રેસ ના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા સહિત કોંગ્રેસ કાર્યકરો આગેવાનોની પ્રાંતિજ પોલીસ દ્વારા અટકાયત કરવામા આવી હતી.ચિલોડા-હિંમતનગર-શામળાજી નેશનલ હાઈવે આઠ ઉપર છેલ્લા સમય થી રોડ ઉપર રોડની વચોવચ તથા આજુબાજુ સહિત ઠેરઠેર રોડ ઉપર મસમોટા ખાડાઓ પડી ગયા છે અને તગડો તોલ લેતુ હોવા છતાંય હાઈવે ઓથોરિટી દ્વારા ટોલ લેતુ હોવા છતાંય ખાડાઓ ના પુરવામા આવતા અનેક વાર નાના-મોટા વાહન ચાલકો એ ખાડાઓને લઈ ને હાડકા ભાગ્યા છે અને જીવ પણ ગુમાવ્યા છે તો અનેક વાહન ચાલકો એ વાહન ભાગ્યા છે તો એનેકવાર રજુઆતો બાદ પણ જવાબદાર તંત્ર નુ પેટ નુ પાણી પણ હલતુ ના હોય તેમ સ્પષ્ટ પણે જણાઈ આવે છે તો પ્રાંતિજ તાલુકા કોંગ્રેસ સમિતિ એ પણ અનેક વાર રજુઆતો બાદ પણ જૈસે થેની સ્થિતી જોવા મળતા પ્રાંતિજ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા રવિવાર ના રોજ પ્રાંતિજ ના મજરા ત્રણ રસ્તા ખાતે કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા આગેવાની હેઠળ કોંગ્રેસ આગેવાનો કાર્યકરો મજરા ખાતે એકઠા થઈ ને નેશનલ હાઈવે આઠ ઉપર રોડ વચ્ચોવચ પડેલ ખાડાઓમા વૃક્ષારોપણ કરી જવાબદાર તંત્ર અને સરકારને જગાડવાનો પ્રયત્ન કર્યો હતો તો પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.એચ. ત્રિવેદી દ્વારા રોડ વચ્ચોવચ વૃક્ષારોપણ કરી રહેલ પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા સહિત કોંગ્રેસ કાર્યકરો આગેવાનો ની અટકાયત કરી હતી જેમા કોંગ્રેસ તાલુકા પ્રમુખ અમરીશભાઈ પટેલ, તાલુકા સદસ્ય રાજ પટેલ, અનીલભાઈ પટેલ, નૂતન ભાઈ, રામસિંહ પરમાર વિમલ પટેલ સહિત ૧૨ જેટલા કોંગ્રેસ કાર્યકરો ની પ્રાંતિજ પોલીસ દ્વારા અટકાયત કરી પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામા આવ્યા હતા.

શ્રવણ સુખધામ પુનાસણ સંસ્થા દ્વારા અબોલા જીવદયા પ્રેમીનું સન્માન

ગાંભોઈ, તા.૧૨

સમગ્ર ગુજરાતમાં અબોલા પક્ષીઓને બચાવવાનું સેવાકીય કાર્ય કરનાર 'હર ભોલે ચકલી બચાવો' અભિયાનના પ્રણેતા રાજેશભાઈ સરધારા એ તાજેતરમાં સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પક્ષીઓ માટે 'વિહંગનો વિસામો' હેઠળ અભિયાન ચલાવતી હિંમતનગર તાલુકાના પુનાસણ ખાતેની શ્રવણ સુખધામ પંચવટી સંસ્થાની મુલાકાત લીધી હતી. તેમણે અબોલા જીવ ભેખધારી અને સંસ્થાના સંચાલક ઈન્દુબેન એસ.પ્રજાપતિના સેવા કાર્યને બિરદાવી પોતાના અભિયાન તરફથી ચકલીઘર અને

પક્ષીઓના ૫૧ ચણપાત્ર સંસ્થાને ભેટ રૂપે આપ્યા હતા. આ પ્રસંગે સંસ્થા દ્વારા રાજેશ સરધારાને સન્માન પત્ર અને પુષ્પકુંજ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

કસાણા ગામે કાચા મકાનની છત ધરાશાય, જાનહાનિ ટળી

મેઘરજ તા.૧૨

મેઘરજના કસાણા ગામે રવિવારે સવારે એક કાચા મકાનની છત ધરાશાય થઈ હતી. સદનસીબે પરિવાર ત્યાં ના હોવાથી જાનહાનિ ટળી હતી.

કસાણા ગામે દરજી કામ કરી જીવન નિર્વાહ કરતા નવીનભાઈ મણિલાલ દરજીના કાચા મકાન ની છત આકસ્મિક ધરાશાય થઈ ગઈ હતી. પરિવાર છેલ્લા થોડા દિવસ થી રહેવા માટે અન્ય જગ્યાએ ગયો હતો. જેથી મકાનની છત ધસી પડતા જાનહાનિ ટળી હતી. તાલુકામાં છેલ્લા થોડા દિવસથી વરસાદ વર્ષી રહ્યો છે. જેને લઈ આ કાચા મકાનની દીવાલ ધરાશાય થઈ હોવાનું જાણવા મળી રહ્યું છે..

મોડાસા બાયપાસ પરથી બાઈક ઉપર લવાતા વિદેશી દારૂ સાથે બે સખ્શો ઝડપાયા

મોડાસા તા.૧૨

મોડાસાના મેઘરજ બાયપાસ માર્ગ પર આવેલ પેલેટ ચોકડી પાસેથી પોલીસે બાતમીને આધારે બાઈક પર દારૂ લઈને જઈ રહેલા બે શખ્સોને દબોચ્યા હતા. બાઈક પર ૧૫૩૦૦ રૂપિયાનો વિદેશી દારૂ લઈને આવવાની બાતમી ટાઉન પોલીસને મળતાં વોચ ગોઠવી હતી અને બાઈક નં.આર.જે.૧૨.એએસ ૧૭૦૨ સાથે પોલીસે ૬૫ હજારનો મુદ્દામાલ અને દિનેશ લબાના તેમજ અરવિંદ લબાના (બંને.રાજસ્થાન)ને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાંતિજ સ્વપચ ઋષિ મંદિર ખાતે સામાજિક સમરસતા મિલન કાર્યક્રમ યોજાયો

વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો ઉપસ્થિત રહ્યા : વાલ્મીકી સમાજના અગ્રણીઓને તિલક કરી ફુલહાર પહેરાવી ખેશ પહેરાવીને સ્વાગત કરવામાં આવ્યુ

પ્રાંતિજ તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ સાબરકાંઠા જિલ્લાના સામાજિક સમરસતા વિભાગ અને સાબરકાંઠા જિલ્લાના સમસ્ત વાલ્મીકી સમાજના ઉપક્રમે વાલ્મીકી સમાજના સુપ્રસિધ્ધ સ્વપચ ઋષિ મંદિર ખાતે સમરસતા મિલન કાર્યક્રમ યોજાયો. પ્રાંતિજ વાલ્મીકી સમાજના સ્વપચ ઋષિ મંદિર ખાતે સમરસ મિલન કાર્યક્રમ નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા વિશ્વ હિન્દુ પરિષદ તેમજ સંઘના કાર્યકર્તાઓ વાલ્મીકી સમાજ ના અગ્રણીઓનુ તિલક અને ફુલહાર તથા ભગવા ખેશ પહેરાવી ને સ્વાગત કરવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદ ઉત્તર ગુજરાત પ્રાંતના સામાજિક સમરસતા પ્રમુખ રમેશભાઈ રાવલ, વાલ્મીકી સમાજ ના અગ્રણીય આર.કે.ચૌહાણ, જીતુભાઈ ચૌહાણ, ધીરજ ભાઈ લીંમ્બાચીયા, ભરતભાઈ ભટ્ટ, નરેશભાઈ ચૌહાણ, નટુભાઈ બારોટ, ભગવતીબેન પટેલ સહિતના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજેરી ખાતે શાળાના પૂર્વ આચાર્ય ઉષાબેન પટેલનો નિવૃત્તિ સમારંભ યોજાયો

ધનસુરા, તા. ૧૨

ધનસુરા તાલુકાની ગુજેરી આદર્શ પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક શ્રી ઉષાબેન રમેશ ભાઈ પટેલ તા,૩૧-૭-૨૧ના રોજ સ્વૈચ્છિક નિવૃત્તિ થતાં માનનીય ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોરની ઉપસ્થિતિમાં ગુજેરી શાળા પરિવાર, એસ.એમ.સી સમિતિ, શીકાજૂથ શાળા પરિવાર, આમંત્રિત મહેમાનો, ગ્રામજનો દ્વારા મોમેન્ટો અર્પણ કરી ને સન્માનિત કરવામાં આવ્યા હતા. હાજર સહુએ તેમનું શેષ જીવન સુખમય અને નિરામય રીતે પોતાના પરિવાર અને સ્નેહીજનો સાથે પસાર કરે એવી શુભેચ્છાઓ પાઠવી હતી તેમનું શેષ જીવન સુખમય અને નિરામય રીતે પોતાના પરિવાર અને સ્નેહીજનો સાથે પસાર કરે એવી શુભેચ્છાઓ પાઠવી હતી.